# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૮/૦૫/૨૦૨૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૬૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૯૦ લીટર દેશી દારૂ, ૪૪ બોટલ ઈંગ્લીશ દારૂ,૫૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૬ બિયર ટીન, ૧ સ્કુટર, ૨ રીક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૬૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૬૮/૨૦૨૫**

**સાબરમતીઃ** હર્ષ સ/ઓ ઉમેશકુમાર પટેલ (ઉ.વ.૩૧)(રહે.શ્રી સરજુગ્રીન અર્થ સ્કુલ સામે, ઝુંડાલ, ચાંદખેડા) એ તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પ્રથમેશ છગનલાલ પટેલ (રહે. શ્રી ઘનશ્યામ પાર્ક કો.ઓ.હા.સો.લી., પારસકુંજ સોસાયટી પાછળ, સેટેલાઈટ રોડ, જોધપુર)એ હર્ષ પટેલ સાથે મિત્રતા કેળવી, સાબરમતી ધર્મનગર ફાયર સ્ટેશન સામે, સીનીયર સીટીઝન પાર્ક પાસે "નિવાન એન્ટરપ્રાઈઝ" નામની હર્ષ પટેલની કંપની ખાતે તેમની પાસેથી કુલ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- મેળવી લઇ, આજદીન સુધી રૂપિયા પરત નહી આપી હર્ષ પટેલ સાથે વિશ્વાઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એચ.ચૌધરી ચલાવે છે.

**આનંદનગરઃ** અંબા એન્ટરપ્રાઇઝ અને બેસ્ટ ટ્રેડીંગ નામની પેઢીમાં મેનેજર તરીકે નોકરી કરતા દર્શન સ/ઓ રાજેશભાઈ મહેતા (ઉ.વ.૩૬)(રહે.બિનોરી સોનેટ, સરકારી ટ્યુબવેલ પાસે, બોપલ) એ તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સપ્ટેમ્બર/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન કંપનીમાં કમિશન એજન્ટ તરીકે કામ કરતા જગદિપભાઈ, હીતેંદ્ર શાહ અને દર્શીત શાહ નાઓ મારફતે "એ.કે.ટ્રેડર્સ" નામની કંપનીના આરોપી (૧)ભુષણ પ્રવિણરાવ કોહોક (રહે.શીવાજીનગર સ્વામી સમર્થનગર પીમ્પલ, ગાવ: બસંવત, પોસ્ટ: પીમ્પલગાવ બસંવત નાસીક મહારાષ્ટ્ર) (૨) સુવર્ણા રાજેશ આહેર (રહે. વન વૈભવ કોલોની, વડાલા પાથડી રોડ, ગજાનંદ મંદીર પાછળ, ઇંદીરાનગર નાસીક મહારાષ્ટ્ર) નાઓએ ભેગામળી ચણા(કઠોળ)નો માલ કિંમત રૂપિયા ૧,૪૨,૧૦,૦૦૦/- મતાનો ખરીદ કરી બાકી નિકળતા રૂપિયા ૧,૦૧,૦૦,૦૦૦/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.આર.ચાંદુ ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૬૬૯/૨૦૨૫**

**ખોખરાઃ** અજયભાઈ રામુભાઈ વાઘેલા (રહે.મનહર કોલોની હરીપુરા ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૫/૨૦૨૫ સાંજના ૫/૩૦ થી તા.૧૪/૦૫/૨૦૨૫ ના કલાક ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી (૧) સોનાની ચેઈન કિંમત રૂપિયા ૬૫,૦૦૦/– (૨) એક જોડી ચાંદીની પાયલ કિંમત રૂપિયા ૧૪,૦૦૦/– અને (૩) રોકડા રૂપિયા ૩૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૧૪,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મિતકુમાર પ્રકાશભાઇ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૬૭૦/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** અભીમન્યુ સ/ઓ રામસાગર ધીવર (રહે.રાજ એપાર્ટમેન્ટ હાઇફાય ચાર રસ્તાની બાજુમા, રંગોલીનગર નારોલ) એ તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૫/૨૦૨૫ સવારના ૮/૧૫ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર પેલેડીયમ મોલના ચોથા માળે આવેલ ટાઇમઝોન નામના ગેમઝોનમા સ્ટોક ઇન્ચાર્જ તરીકે નોકરી કરતો આરોપી જીતુ રાજબીર શર્મા (ઉ.વ.૨૭) (રહે.અર્જુન એપાર્ટમેન્ટ ત્રીજા માળે ભાઇકાકા નગર થલતેજ મુળ વતન:– પાન મામુર, પુર નરેલા, ઉત્તર પશ્ચિમી દીલ્લી) એ પેલેડીયમ મોલના ચોથા માળે આવેલ યુનીટ નં–એફ.એફ.૧૫ “ટાઇમઝોન ઇન્ટરટેન્ટમેન્ટ પ્રાઇવેટ લીમીટેડ” નામની ગેમઝોનનો દરવાજો ખોલી ઓફીસની તીજોરીમાંથી રોકડ રૂપિયા ૪,૬૯,૮૩૦/– ચોરી કરી નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.કે.ઝાલા ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૬૭૧/૨૦૨૫**

**શાહિબાગઃ** જશરાજ મુલચંદ જૈન (ઉ.વ.૬૯) (રહે.સુવાસ એવન્યૂ પેટ્રોલપંપ જોડે શાહિબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૫ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે શાહિબાગ ખેતાન ટાવર સામે રાજસ્થાન હોસ્પીટલ તરફથી એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ એ ભેગામળી જશરાજ જૈનના ગળામા પહેરેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/– ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૭૨/૨૦૨૫**

**ઓઢવઃ** પ્રકાશ પાઉલભાઇ ક્રિશ્ચીયન (ઉ.વ.૪૫)(રહે.આર્શીવાદ સીટી–૨, ગીરીરાજ નગર સામે, આદીનાથ ઓઢવ મુળ વતન:– જાદવપાર્ક નવા ડીકેબીનની બાજુમાં બરોડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૫/૨૦૨૫ બપોરના ૪/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેશભાઇ ઉમેદભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી